# વડોદરા મહાનગરપાલિકા

Audit, VMC

# ઓડિટ રિપોર્ટ

## વર્ષ ૨૦૨૧–૨૨

ચીફ ઓડિટરશ્રીની કચેરી
મહાનગરપાલિકા
વડોદરા
તા.૨૨-૭-૨૨

AUDIT DEPARTMENT
AUDIT OUTWARD
NO. 535 DT. 22/07/22

પ્રતિ
મંત્રીશ્રી
મહાનગરપાલિકા
વડોદરા

વિષય : વર્ષ ૨૦૨૧-૨૨ નો તપાસણી અહેવાલ (Audit Report) શ્રી સ્થાયી સમિતિ સમક્ષ જાણ માટે રજૂ કરવા બાબત

મહાનગરપાલિકાની ઓડિટ શાખા દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન વોર્ડ તેમજ ખાતાઓની આવક તેમજ ખર્ચના બિલની તપાસણી કરવામાં આવેલી હતી. જેનો તપાસણી અહેવાલ (Audit Report) શ્રી સ્થાયી સમિતિ સમક્ષ જાણ માટે રજૂ કરવામાં આવે છે.

મહાનગરપાલિકામાં પ્રિ-ઓડિટ પધ્ધતિ અમલમાં હોઇ, વોર્ડ તેમજ ખાતાઓના તમામ ખર્ચના બિલ હિસાબી શાખા મારફતે ઓડિટ શાખામાં માન્યતા અર્થે રજૂ કરવામાં આવે છે. અહેવાલના વર્ષ દરમ્યાન કુલ ૪૩,૦૨૯ બિલ તપાસણી માટે આવેલ હતા. બિલ પ્રિ-ઓડિટ થયા બાદ ચૂકવણાં માટે હિસાબી શાખા તરફ રવાના કરવામાં આવે છે. બિલની તપાસણી દરમ્યાન જણાયેલી વિવિધ પ્રકારની કપાત, વહીવટી ક્ષતિ, અનિયમિતતા પ્રાથમિક તબક્કે જ ઓડિટ ખાતાને ધ્યાને આવે છે. હિસાબી શાખા દ્વારા ખર્ચના વાઉચર નિયમિત રીતે પોસ્ટ ઓડિટ (Concurrent Post Audit) માટે ઓડિટ શાખાએ અઠવાડિક રજૂ કરવામાં આવતા હોવાથી મહાનગરપાલિકાની નાણાકીય શિસ્ત જળવાઇ રહેલ છે.

મહાનગરપાલિકાના તમામ ખર્ચના બિલની પ્રિ-ઓડિટ પદ્ધતિથી તપાસણી કરવામાં આવતી હોઇ તેના પરીણામ સ્વરૂપે કુલ ₹ ૫,૩૭,૯૦,૯૫૨ ની કપાત કરી બિલ માન્ય કરવામાં આવેલ હતા.

મહાનગરપાલિકાના ખાતાઓ તેમજ વહીવટી વોર્ડ દ્વારા કરવામાં આવતા આકસ્મિક ખર્ચ અથવા માલસામાન ખરીદીના પ્રસંગે કમિશનરશ્રીની પૂર્વ મંજુરી મેળવીને તસલમાત (Advance) લેવામાં આવે છે. મંજૂર કરવામાં આવેલી તસલમાત પૈકી કુલ ₹ ૭૮,૪૮,૨૧,૨૫૦ ની રકમનો જમાખર્ચ સબંધિત ખાતાઓ તેમજ વોર્ડ તરફથી વર્ષના અંતે કરાવવામાં આવેલ નથી.

પ્રિ-ઓડિટમાં તપાસણી અર્થે રજૂ થયેલા ખર્ચના બિલ અંગે જરૂરી પૂર્તતા તેમજ સ્પષ્ટતા કરાવવામાં આવેલ છે તેમજ તે પૈકીના મહત્વના તેમજ નીતિ વિષયક વાંધાઓના ઓડિટ પેરા ઓડિટ અહેવાલમાં સમાવિષ્ટ કરેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ નો વિગતવાર તપાસણી અહેવાલ (Audit Report) સામેલ છે. જે શ્રી સ્થાયી સમિતિ સમક્ષ જાણમાં લાવવા વિનંતી છે.

ચીફ ઓડિટર
મહાનગરપાલિકા
વડોદરા

# વડોદરા મહાનગરપાલિકા

ઓડીટ શાખા

વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ તા.૨૯-૦૭-૨૦૨૨ ના રોજ સાંજના ૦૪-૩૦ વાગે ડૉ.હિતેન્દ્રભાઇ પ્રભુદાસ પટેલના અધ્યક્ષપણા નીચે મળી તેના ઠરાવની નકલ

| વિગત | દરખાસ્ત તથા સુધારા | | મત આપવામાં આવ્યો તે | | ઠરાવ | | તેજ વિષય ઉપર થયેલા ઠરાવના અંક તથા તારીખ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | નામ<br>(૧) દરખાસ્ત કરનારનું<br>(૨) અનુમોદન આપનાર | દરખાસ્ત કે સુધારો કરવામાં આવ્યો તે | તરફેણમાં | વિરુદ્ધમાં | અનુક્રમ અંક તથા તારીખ | મતલબ | છેવટનો પાછલો ઠરાવ | આગળનો હવે પછી ઠરાવ થાય તે | શેરો |
| વિષય નં.૧<br>વડોદરા મહાનગરપાલિકાની ઓડીટ શાખા દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન વોર્ડ તેમજ ખાતાઓના આવક તેમજ ખર્ચના બિલની તપાસણી અહેવાલ (Audit Report) ચીફ ઓડીટરશ્રી તરફથી આવેલ હોઇ તેને જાણમાં લેવા બાબત. | શ્રી સ્ને.મ.પટેલ<br>શ્રી ૨.મ.વાઘેલા | જાણમાં લીધું.<br><br>**ખરી નકલ**<br>Chintanrdesai<br>ન.ક. ૨.ક. મ્યુનિ.લ સેક્રેટરી<br>વડોદરા મહાનગરપાલિકા<br>વડોદરા. | ૧૧ | - | ૧૮૧<br>૨૯-૦૭-૨૦૨૨<br><br>ઓડીટ ઓફીસ<br>આવક નં....1303.......<br>દાખલ તા. 30/7/22... | સ.મતે જાણમાં લીધું. | | | |

# વડોદરા મહાનગરપાલિકા
## ઓડિટ શાખા

# ઓડિટ રિપોર્ટ
## વર્ષ ૨૦૨૧-૨૨

### અનુક્રમણિકા


| અનુ. નંબર | વિગત | પેરા નંબર | પાન નંબર |
|---|---|---|---|
| ૧ | PWD બિલ વિભાગ | ૧ થી ૧૧ | ૧ |
| ૨ | દેણેયાદી બિલ વિભાગ | ૧૨ થી ૨૦ | ૨ |
| ૩ | તસલમાત જમાખર્ચ (Advance) | ૨૧ | ૪ |
| ૪ | Concurrent Post Audit (CPA) વિભાગ | ૨૨, ૨૩ | ૫ |
| ૫ | જમા તપાસણી વિભાગ | ૨૪, ૨૫ | ૬ |
| ૬ | મહેકમ વિભાગ | ૨૬ | ૯ |
| ૭ | ઉત્તર ઝોન ઓડિટ વિભાગ | ૨૭ થી ૩૦ | ૧૦ |
| ૮ | દક્ષિણ ઝોન ઓડિટ વિભાગ | ૩૧ | ૧૧ |
| ૯ | પૂર્વ ઝોન ઓડિટ વિભાગ | ૩૨, ૩૩ | ૧૧ |
| ૧૦ | પરિશિષ્ટ - ૧ થી ૮ | - | ૧૨ |


Audit, VMC

# ઓડિટ પેરાની અનુક્રમણિકા


| પેરા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|
| | **PWD બિલ વિભાગ** | |
| ૧ | ડ્રેનેજ વરસાદી ગટર પ્રોજેક્ટ શાખાના પાર્ટ બિલમાંથી કરાવવામાં આવેલી ₹ ૧૦.૧૬,૨૦૦ ની કપાત | ૧ |
| ૨ | ડ્રેનેજ વરસાદી ગટર પ્રોજેક્ટ શાખાના પાર્ટ બિલમાંથી કરાવવામાં આવેલી ₹ ૭,૫૪,૯૩૦ ની કપાત | ૧ |
| ૩ | ડ્રેનેજ વરસાદી ગટર પ્રોજેક્ટ શાખાના પાર્ટ બિલમાંથી કરાવવામાં આવેલી ₹ ૭,૬૪,૯૦૦ ની કપાત | ૧ |
| ૪ | ફ્યુચરીસ્ટીક પ્લાનિંગ સેલ ના પાર્ટ બિલમાંથી કરાવવામાં આવેલી ₹ ૧૨,૬૧,૦૬૬ ની કપાત | ૧ |
| ૫ | બ્રિજ પ્રોજેક્ટ શાખાના પાર્ટ બિલમાંથી કરાવવામાં આવેલી ₹ ૧૨,૫૩,૪૦૦ ની કપાત | ૧ |
| ૬ | પાણી પૂરવઠા શાખાના પાર્ટ બિલમાંથી કરાવવામાં આવેલી ₹ ૨૦,૮૮,૦૦૦ ની કપાત | ૧ |
| ૭ | એફોર્ડેબલ હાઉસીંગ શાખાના ફાઇનલ બિલમાંથી કરાવવામાં આવેલી ₹ ૧૪,૨૬,૫૧૬ ની કપાત | ૨ |
| ૮ | એફોર્ડેબલ હાઉસીંગ શાખાના પાર્ટ બિલમાંથી કરાવવામાં આવેલી ₹ ૭,૦૮,૯૦૦ ની કપાત | ૨ |
| ૯ | એફોર્ડેબલ હાઉસીંગ શાખાના પાર્ટ બિલમાંથી કરાવવામાં આવેલી ₹ ૬,૬૯,૪૦૦ ની કપાત | ૨ |
| ૧૦ | ડ્રેનેજ વરસાદી ગટર પ્રોજેક્ટ શાખાના પાર્ટ બિલમાંથી કરાવવામાં આવેલી ₹ ૧૧,૯૧,૮૪૦ ની કપાત | ૨ |
| ૧૧ | પાણી પૂરવઠા શાખાના પાર્ટ બિલમાંથી કરાવવામાં આવેલી ₹ ૮,૦૫,૯૦૦ ની કપાત | ૨ |
| | **દેણેયાદી બિલ વિભાગ** | |
| ૧૨ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના બિલમાંથી કરેલ ₹ ૧૦,૦૫,૯૧૦ ની કપાત | ૨ |
| ૧૩ | જનસંપર્ક વિભાગના બિલમાંથી કરેલ ₹ ૧,૭૯,૩૧૬ ની કપાત | ૩ |
| ૧૪ | ચૂંટણી શાખાના બિલમાંથી કરેલ ₹ ૧,૬૬,૫૯૯ ની કપાત | ૩ |
| ૧૫ | નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ના બિલમાંથી કરેલ ₹ ૪૩,૫૭,૫૨૦ ની કપાત | ૩ |


Audit, VMC

| પેરા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૧૬ | નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના બિલમાંથી કરેલ ₹ ૧,૯૦,૦૦,૦૦૦ ની કપાત | ૩ |
| ૧૭ | અગ્નિશમન અને તાત્કાલીક સેવા શાખાના બિલમાંથી કરેલ ₹ ૧૪,૭૪,૩૭૫ ની કપાત | ૩ |
| ૧૮ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના બિલમાંથી કરેલ ₹ ૯,૮૨,૦૩૦ ની કપાત | ૪ |
| ૧૯ | સુવેઝ ડી. વર્ક્સ શાખાના બિલમાંથી કરેલ ₹ ૫,૭૬,૩૨૩ ની કપાત | ૪ |
| ૨૦ | યુ.સી.ડી. પ્રોજેક્ટ શાખાના બિલમાંથી કરેલ ₹ ૧,૧૧,૭૮૬ ની કપાત | ૪ |
| | **તસલમાત જમાખર્ચ (Advance)** | |
| ૨૧ | વર્ષ દરમ્યાન માન્ય કરેલ તેમજ વસૂલ કરેલ તસલમાત (Advance) બાબત | ૪ |
| | **Concurrent Post Audit (CPA) વિભાગ** | |
| ૨૨ | Bank Book ઓડિટ તથા Ledger Scrutiny અંગેનો રિપોર્ટ | ૫ |
| ૨૩ | મુદ્દત પૂર્વે વટાવેલ Fixed Deposit પર થયેલ વ્યાજ નુકસાની બાબત | ૬ |
| | **જમા તપાસણી વિભાગ** | |
| ૨૪ | ઓ.એફ.સી.કેબલ ના વાર્ષિક ભાડા તથા અન્ય ચાર્જની બાકી વસૂલાત બાબત | ૬ |
| ૨૫ | મોબાઇલ ટેલીકોમ્યુનીકેશન ટાવર ની વાર્ષિક પરવાના ફી વસૂલાત બાબત | ૭ |
| | **મહેકમ વિભાગ** | |
| ૨૬ | ઓડિટ શાખાના મહેકમ (સ્ટાફ) ની પ્રવર્તમાન સ્થિતિની વિગત | ૯ |
| | **ઉત્તર ઝોન ઓડિટ વિભાગ** | |
| ૨૭ | વોર્ડ-૫ એન્જીનીયરીંગ શાખાના ફાઇનલ બિલમાંથી કરાવવામાં આવેલી ₹ ૯,૨૫,૫૧૨ ની કપાત | ૧૦ |
| ૨૮ | વોર્ડ-૫ સેનેટરી શાખાના કર્મચારીની હક્ક તથા સીક રજા ની વસૂલાત બાબત | ૧૦ |
| ૨૯ | વોર્ડ-૫ સેનેટરી શાખાના કર્મચારીની બીનપગારી રજા ની ₹ ૩,૫૨,૪૪૦ ની વસૂલાત | ૧૦ |
| ૩૦ | વોર્ડ-૫ સેનેટરી શાખાના કર્મચારીની બીનપગારી રજા ની વસૂલાત કરવા બાબત | ૧૦ |
| | **દક્ષિણ ઝોન ઓડિટ વિભાગ** | |
| ૩૧ | વોર્ડ-૪ ના કર્મચારીના પુરસ્કાર તફાવત તેમજ પરિવહન ભથ્થાની રકમ વસૂલાત બાબત | ૧૧ |
| | **પૂર્વ ઝોન ઓડિટ વિભાગ** | |
| ૩૨ | વાર્ષિક ઇજારાની નાણાકીય મર્યાદા વધતી હોવાથી, શ્રી સ્થાયી સમિતિ ની મંજૂરી મેળવવા બાબત | ૧૧ |
| ૩૩ | L1 ને બદલે L2 ઇજારદાર પાસે થી કરાવેલ કામગીરી બાબત | ૧૧ |


Audit, VMC

# પરિશિષ્ટની અનુક્રમણિકા


| પરિશિષ્ટ નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૧ | બિલની કુલ સંખ્યાની માહિતી | ૧૨ |
| ૨ | કુલ કપાતની માહિતી | ૧૩ |
| ૩ | પ્રોવિઝનલી માન્ય કરેલ બિલની માહિતી | ૧૪ |
| ૪ | મહત્વની કપાતની માહિતી | ૧૫ |
| ૫ | એક વર્ષથી વધુ સમય બાદ રજૂ થયેલ બિલની માહિતી | ૨૨ |
| ૬ | જમા તપાસણી વિભાગની માહિતી | ૨૭ |
| ૭ | તસલમાત જમા ખર્ચની માહિતી | ૨૮ |
| ૮ | હિસાબી શાખાના લેજર તપાસણીની માહિતી | ૩૨ |


Audit, VMC

❀❀❀

# : PWD બિલ વિભાગ :

પેરા-૧

ડ્રેનેજ વરસાદી ગટર પ્રોજેક્ટ શાખામાંથી આકાર કન્સ્ટ્રકશનનું પાર્ટ બિલ આઇ-૧૨૭/તા.૨૧-૫-૨૧ ₹ ૫,૩૦,૨૧,૮૫૩/- મંજૂરી માટે રજૂ થયેલ. સદર બિલની MB માં કામગીરીની તારીખ બાદની તારીખ દર્શાવી આકાર ભૂલ કરેલ હોઇ, ₹ ૧૦,૧૬,૨૦૦/- ની કપાત કરી માન્ય કરવામાં આવેલ છે.

*(ઓડિટ વાંધા નં : ૨૫/તા.૨૮-૬-૨૧)*

પેરા-૨

ડ્રેનેજ વરસાદી ગટર પ્રોજેક્ટ શાખામાંથી માનસી કોર્પોરેશનનું ફાઇનલ બિલ ડી-૧૧/તા.૧૧-૫-૨૧ ₹ ૫૨,૭૩,૯૦૦/- મંજૂરી માટે રજૂ થયેલ. સદર બિલમાં S.O.R કરતાં વધારે ભાવ આકારની ભૂલ કરેલ હોઇ, ₹ ૭,૫૪,૯૩૦/- ની કપાત કરી માન્ય કરવામાં આવેલ છે.

*(ઓડિટ વાંધા નં : ૪૪/તા.૫-૭-૨૧)*

પેરા-૩

ડ્રેનેજ વરસાદી ગટર પ્રોજેક્ટ શાખામાંથી નંદ ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ પ્રોજેક્ટનું પાર્ટ બિલ આઇ-૩૦૧/તા.૧૯-૬-૨૧ ₹ ૧,૦૩,૩૪,૫૭૫/- મંજૂરી માટે રજૂ થયેલ. સદર બિલમાં મંજૂર Excess-Saving પત્રક કરતા વધુ આકારની તથા MB માં આકારની ભૂલ મળી કુલ ₹ ૭,૬૪,૯૦૦/- ની કપાત કરી માન્ય કરવામાં આવેલ છે.

*(ઓડિટ વાંધા નં : ૬૧/તા.૨૦-૭-૨૧)*

પેરા-૪

ફ્યુચરીસ્ટિક પ્લાનિંગ સેલમાંથી શિવાલય ઇન્ફ્રા પ્રોજેક્ટ પ્રાઇવેટ લિમિટેડનું ફાઇનલ બિલ આઇ-૧૯૫૫/તા.૨૬-૩-૨૧ ₹ ૮૭,૩૫,૪૭૮/- મંજૂરી માટે રજૂ થયેલ. સદર બિલમાં મંજૂર Excess-Saving પત્રક કરતા વધુ આકારની તથા પ્રાઇસ વેરીએશનની ભૂલ મળી કુલ ₹ ૧૨,૬૧,૦૬૬/- ની કપાત કરી માન્ય કરવામાં આવેલ છે.

*(ઓડિટ વાંધા નં : ૯૬/તા.૨૩-૮-૨૧)*

પેરા-૫

બ્રિજ પ્રોજેક્ટ શાખામાંથી શિવાલય ઇન્ફ્રા પ્રોજેક્ટ પ્રા. લિમિટેડનું પાર્ટ બિલ આઇ-૭૪૩/તા.૬-૯-૨૧ ₹ ૫૫,૧૯,૬૦૦/- મંજૂરી માટે રજૂ થયેલ. સદર બિલમાં MB માં આકારની ભૂલ તથા મંજૂર કરેલ પાર્ટ રેટ કરતા વધુ આકાર કરેલ હોઇ, ₹ ૧૨,૫૩,૪૦૦/- ની કપાત કરી માન્ય કરવામાં આવેલ છે.

*(ઓડિટ વાંધા નં : ૧૩૨/તા.૨૭-૯-૨૧)*

પેરા-૬

પાણી પુરવઠા શાખામાંથી કૃષ્ણા કોર્પોરેશન J/V રાજકમલ બિલ્ડર્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઇવેટ લિમિટેડનું પાર્ટ બિલ આઇ-૮૮૧/તા.૧૧-૧૦-૨૧ ₹ ૫,૦૩,૫૮,૬૦૦/- મંજૂરી માટે રજૂ થયેલ. સદર બિલની MB માં ટકાવારી ગણતરીમાં ભૂલ કરેલ હોઇ, ₹ ૨૦,૮૮,૦૦૦/- ની કપાત કરી માન્ય કરવામાં આવેલ છે.

*(ઓડિટ વાંધા નં : ૧૫૯/તા.૨૬-૧૦-૨૧)*

પેરા-૭

એફોર્ડેબલ હાઉસિંગ શાખામાંથી ક્યુબ કન્સ્ટ્રકશનનું ફાઇનલ બિલ આઇ-૧૮૫૯/તા.૨૦-૩-૨૧ ₹ ૧,૧૭,૨૭,૫૮૫/- મંજૂરી માટે રજૂ થયેલ. સદર બિલમાંથી ઓવરટાઇમ દંડની રકમ ₹ ૧૪,૨૬,૫૧૬/- ની કપાત કરી માન્ય કરવામાં આવેલ છે.

*(ઓડિટ વાંધા નં : ૧૭૨/તા.૮-૧૧-૨૧)*

પેરા-૮

એફોર્ડેબલ હાઉસિંગ શાખામાંથી ઓલવેલ પ્રોજેક્ટસનું પાર્ટ બિલ આઇ-૫૭૨/તા.૩-૮-૨૧ ₹ ૧,૪૮,૫૬,૮૦૦/- મંજૂરી માટે રજૂ થયેલ. સદર બિલમાં MB ની ગણતરી ભૂલ ને કારણે વધુ આકાર કરેલ હોય ₹ ૭,૦૮,૯૦૦/- ની કપાત કરી માન્ય કરવામાં આવેલ છે.

*(ઓડિટ વાંધા નં : ૧૭૬/તા.૧૫-૧૧-૨૧)*

પેરા-૯

એફોર્ડેબલ હાઉસિંગ શાખામાંથી ચેતન વ્યાસ એન્ડ એસોસિએટ્સનું પાર્ટ બિલ આઈ-૧૧૬૯/તા.૮-૧૨-૨૧ ₹ ૭૩,૯૨,૯૦૦/- મંજૂરી માટે રજૂ થયેલ. સદર બિલમાં પેમેન્ટ શીડ્યુલમાં આપેલ ટકાવારી કરતા વધુ આકાર કરેલ હોઇ, ₹ ૬,૬૯,૪૦૦/- ની કપાત કરી માન્ય કરવામાં આવેલ છે.

*(ઓડિટ વાંધા નં : ૨૦૬/તા.૧૩-૧૨-૨૧)*

પેરા-૧૦

ડ્રેનેજ વરસાદી ગટર પ્રોજેક્ટ શાખામાંથી રાજકમલ બિલ્ડર્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઇવેટ લિમિટેડનું પાર્ટ બિલ આઇ-૧૦૬૧/તા.૩૦-૧૦-૨૧ ₹ ૨,૨૧,૨૬,૮૦૦/- મંજૂરી માટે રજૂ થયેલ. સદર બિલમાં મંજૂર Excess-Saving પત્રક કરતા વધુ આકારની તેમજ Retention Money મળી કુલ ₹ ૧૧,૯૧,૮૪૦/- ની કપાત કરી માન્ય કરવામાં આવેલ છે.

*(ઓડિટ વાંધા નં : ૨૦૭/તા.૧૩-૧૨-૨૧)*

પેરા-૧૧

પાણી પુરવઠા શાખામાંથી કૃષ્ણા કોર્પોરેશન J/V રાજકમલ બિલ્ડર્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઇવેટ લિમિટેડનું પાર્ટ બિલ આઇ-૧૪૫૧/તા.૫-૨-૨૨ ₹ ૫,૮૧,૦૧,૭૦૦/- મંજૂરી માટે રજૂ થયેલ. સદર બિલની MB માં એક્સ્ટ્રા આઇટમની ગણતરીમાં ભૂલ હોવાના કારણે વધુ આકાર ₹ ૮,૦૫,૯૦૦/- ની કપાત કરી માન્ય કરવામાં આવેલ છે.

*(ઓડિટ વાંધા નં : ૨૮૬/તા.૧૭-૩-૨૨)*

## : દેણેયાદી બિલ વિભાગ :

પેરા-૧૨

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા ઉત્તર ઝોન ના વિસ્તારમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ની કામગીરીનું સપ્ટેમ્બર-૨૧ નું સ્વચ્છતા કોર્પોરેશન નું બિલ ₹ ૭૧,૯૪,૬૨૫/- ઓડિટ આવક નં. બી -૧૫૬૪/૨૦-૧૦-૨૧

થી રજૂ થયેલ. જેમાં કામગીરીના ઇજારાની મુદત તા.૨૬-૯-૨૧ ના રોજ પૂર્ણ થયેલ હોઇ, બિલમાં આકારેલ વધુ રકમ ₹ ૧૦,૦૫,૯૧૦/- ની કપાત કરી માન્ય કરેલ છે.
*(ઓડિટ વાંધા નં : ૭૯/૨૬-૧૦-૨૧)*

પેરા-૧૩
જનસંપર્ક વિભાગ દ્વારા ફરાસખાના ના ઇજારાદાર શોભનમ ડેકોરેટર્સ નું બિલ ₹ ૧૧,૯૯,૬૦૭/- ઓડિટ આવક નં. સી-૧૧૯૦/૨૫-૧-૨૨ થી રજૂ થયેલ. જેના ચૂકવણી ઠરાવમા દર્શાવેલ શ્રી સ્થાયી સમિતિ ઠરાવ અંક: ૩૧૯ તા.૭-૧૧-૨૦ થી મંજૂર થયા મુજબ બિલ ની રકમ કરતા ઇજારદાર ના બિલમાં વધુ આકાર કરેલ રકમ ₹ ૧,૭૯,૩૧૬/- ની કપાત કરી માન્ય કરેલ છે.
*(ઓડિટ વાંધા નં : ૧૬૩/૧૭-૨-૨૨)*

પેરા-૧૪
ચૂંટણી શાખા દ્વારા આચારસંહિતા અમલવારી અને ચૂંટણીનાં કામે વિડિયોગ્રાફી ની કામગીરીનું શોનક ફિલ્મનું બિલ ₹ ૧૦,૯૨,૧૪૮/- ઓડિટ આવક નં. એ-૫૯૧૩/૫-૩-૨૨ ના રોજ રજૂ થયેલ. જેના ટેન્ડરમાં ઇજારદારે ભાવ ટેક્સ સાથેના આપેલ હોઇ તે મુજબ વધુ આકાર ₹ ૧,૬૬,૫૯૯/- ની કપાત કરી બિલ માન્ય કરેલ છે.
*(ઓડિટ વાંધા નં : ૧૯૦/૩૧-૩-૨૨)*

પેરા-૧૫
હિસાબી શાખા દ્વારા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ની શાળામા રેઇન વોટર હાર્વેસ્ટીંગ પ્લાનની કામગીરી કરવાનુ ₹ ૭૧,૮૧,000/- નું બિલ ઓડિટ આવક નં. સી-૧૩૪૭/૧૪-૨-૨૨ થી રજૂ થયેલ હતુ. પરંતુ આ કામગીરી કરાવવા અગાઉ ₹ ૪૩,૫૭,૫૨૦/- તસલમાતથી ચૂકવેલ હોઇ, તેની બિલમાંથી કપાત કરવામાં આવેલી છે.
*(ઓડિટ વાંધા નં : ૧૯૪/૩૧-૩-૨૨)*

પેરા-૧૬
હિસાબી શાખા દ્વારા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ની શાળાઓમાં ફાયર સેફટીની NOC મેળવવા થયેલ ખર્ચનું ₹ ૨,૦૫,૫૮,૧૬૪/- નું બિલ ઓડિટ આવક નં. સી-૧૬૬૭/૩૦-૩-૨૨ થી રજૂ થયેલ. પરંતુ આ કામગીરી માટે અગાઉ ₹ ૧,૯૦,૦૦,000/- તસલમાતથી ચૂકવેલ હોઇ, તેની બિલમાંથી કપાત કરવામાં આવેલી છે.
*(ઓડિટ વાંધા નં : ૧૯૪/૩૧-૩-૨૨)*

પેરા-૧૭
અગ્નિશમન અને તાત્કાલીક સેવાઓ (VFES) દ્વારા ત્રણ નંગ ૧૮ KL વૉટર બ્રાઉઝર વીથ ચેસીસ ફેબ્રીકેશન ની ખરીદીનું દત્ત મોટર્સ બોડી બિલ્ડર્સનું બિલ ₹ ૨,૦૧,૪૪,૩૪૬/- ઓડિટ આવક નં. આઇ-૯૫૧/ તા.૨૧-૧૦-૨૧ થી રજૂ થયેલ. જેમાં બિલની સંપૂર્ણ ગણતરી કરતા તથા ટેન્ડર ના નિયમ ધ્યાને લેતા વધુ આકારેલી રકમ ₹ ૧૪,૭૪,૩૭૫/- ની કપાત કરી માન્ય કરેલ છે.
*(ઓડિટ વાંધા નં : ૮૧/૧-૧૧-૨૧)*

પેરા-૧૮

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા પશ્ચિમ ઝોન વિસ્તારમાં ડોર ટુ ડોર અને ઓપન સ્પોટના ગાર્બેજ કલેક્શનની કામગીરી માટે ઓમ સ્વચ્છતા કોર્પોરેશન ના ઓક્ટોમ્બર-૨૧ અને નવેમ્બર-૨૧ ના બિલ ₹ ૭૭,૪૩,૬૦૬/- અને ₹ ૬૩,૧૨,૯૦૨/- ઓડિટ આવક નં. બી-૨૨૦૯/તા.૧૦-૧-૨૨ તથા બી-૨૨૧૦/ તા.૧૦-૧-૨૨ થી રજુ થયેલ હતા. બન્ને બિલમાં વોર્ડ નં.૧૦ ના ડોર ટુ ડોર કામગીરીના પ્રમાણપત્રમાં દર્શાવ્યા મુજબની પેનલ્ટીની ગણતરી કરતાં ઓક્ટોમ્બર-૨૧ ના બિલમાંથી વધુ પેનલ્ટી ₹ ૨,૬૯,૪૮૦/- અને નવેમ્બર-૨૧ ના બિલમાંથી વધુ પેનલ્ટી ₹ ૭,૧૨,૫૫૦/- ની કપાત કરી માન્ય કરેલ છે.

*(ઓડિટ વાંધા નં : ૧૩૮/૧૧-૧-૨૨)*

પેરા-૧૯

સુવેઝ ડી. વર્ક્સ શાખા દ્વારા અટલાદરા ૪૩ MLD નવા અને જુના STP ના O&M ના પુજા કન્સ્ટ્રક્શનના બિલ ₹ ૧૧,૧૦,૫૩૨/- અને ₹ ૬,૦૨,૦૦૦/- ઓડિટ આવક નં. એ-૫૧૧૫/તા.૨૦-૧-૨૨ અને એ-૫૧૧૬/ તા.૧૯-૧-૨૨ થી રજુ થયેલ હતા. સદરહુ કામગીરીની મુદ્દતમાં શ્રી સ્થાયી સમિતિ ઠરાવ અંક-૨૬૫/ તા.૧૮-૯-૨૧ થી વધારો મંજૂર થયેલ હોઇ, વધુ મુદ્દત માટે ૨% EMD, ૩% SD, ૫% PBG ની કપાત બન્ને બિલમાંથી અનુક્રમે ₹ ૩,૯૪,૮૪૦/- અને ₹ ૧,૮૧,૪૮૩/- ની કરી માન્ય કરેલ છે.

*(ઓડિટ વાંધા નં : ૧૪૯/૨૯-૧-૨૨)*

પેરા-૨૦

યુ.સી.ડી. પ્રોજેક્ટ શાખા દ્વારા રેનબસેરાના સંચાલન અને નિભાવણી માટે ઓગસ્ટ-૨૧ તથા સપ્ટેમ્બર-૨૧ નું જય અંબે સેનેટરી માર્ટનું બિલ ₹ ૭,૪૯,૫૯૭/- ઓડિટ આવક નં. બી-૨૪૪૩/તા.૭-૨-૨૨ થી રજુ થયેલ હતું. જેમાં લાભાર્થીઓને લેવા મુકવાની કામગીરી માટેનો ટ્રાન્સ્પોર્ટેશન ખર્ચ ચુકવવાનો ન હોઇ, વધુ આકાર કરેલ ₹ ૧,૧૧,૭૮૬/- ની કપાત કરી બિલ માન્ય કરેલ છે.

*(ઓડિટ વાંધા નં : ૧૬૭/૧૯-૨-૨૨)*

## : તસલમાત જમાખર્ચ રિપોર્ટ :

પેરા-૨૧

મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આકસ્મિક કે અનિવાર્ય સંજોગો દરમ્યાન કરવા પડતા વિકાસના, નિભાવણીના કે અન્ય વહીવટી કામો તથા ખરીદી માટે મ્યુનિસિપલ કમિશનરશ્રીની મંજૂરી મેળવી ત્વરિત ચુકવણા માટે ખાતાધિકારીના નામે હોદ્દા જોગ તસલમાત (Advances) લેવામાં આવે છે. આવા સંજોગોમાં ખાતા તરફથી રજૂ થયેલ તસલમાત ઓડિટ શાખામાંથી સત્વરે માન્ય કરી આપવામાં આવે છે. ત્યારબાદ તેવાં કામો પૂર્ણ થયેથી તેના ફાઇનલ હિસાબોના જમાખર્ચના બિલ, જે તે ખાતા મારફતે ઓડિટ શાખાએથી માન્ય કરાવવાના હોય છે.

હિસાબી શાખાએથી રજૂ કરવામાં આવેલ Revenue Advance 2021-22 મુજબ તસલમાતના હિસાબની નાણાકીય સ્થિતી જોતાં રેવન્યુ તસલમાતની તા.૧-૪-૨૦૨૧ ના રોજ બાકી સિલક ₹ ૫૬,૩૩,૫૦,૧૮૩/- હતી. અહેવાલ વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન કુલ તસલમાતની રકમ ₹ ૩૪,૬૫,૨૮,૪૬૬/- માન્ય કરવામાં આવેલ હતી. વર્ષ ૨૦૨૧-૨૨ સુધીની કુલ મંજૂર થયેલ ₹ ૯૦,૯૮,૭૮,૬૪૯/-તસલમાત પૈકી ખાતાઓ તેમજ વોર્ડ તરફથી

થયેલ જમાખર્ચ ₹ ૧૨,૫૦,૫૭,૩૯૯/- હતો. ઓડિટ તપાસણી અહેવાલના વર્ષ અંતે કુલ ₹ ૭૮,૪૮,૨૧,૨૫૦/- ની તસલમાતની રકમનો જમાખર્ચ કરાવવામાં આવેલ નથી. જ્યારે ૭ જેટલા ખાતાઓની બંધ સિલક Debit Balance ને બદલે Credit Balance દર્શાવેલ છે, જેની ખાતરી કરી લેવા માટે હિસાબી શાખાને જાણ કરેલી છે.

ઉપરોક્ત બાબત જોતાં વર્ષના અંતે ₹ ૭૮,૪૮,૨૧,૨૫૦/- ના તસલમાત જમાખર્ચના હિસાબો સબંધિત ખાતા/વોર્ડ દ્વારા રજૂ કરેલ નથી, તે ઘણી જ ગંભીર બાબત છે મ્યુનિસિપલ કમિશનરશ્રી પરીપત્ર અંક: ૧૨/૨003-0૪, તા.૧૪-૮-૨003 મુજબ તસલમાત જમાખર્ચના હિસાબો દિન-30 માં રજૂ કરવા જણાવેલ છે. તેમ છતાં અહેવાલ વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ૪૮ જેટલા ખાતાઓના તસલમાત જમાખર્ચનું પ્રમાણ (Ratio) 0% (શુન્ય) જણાઇ આવેલ છે તથા કુલ ૭3 ખાતાઓના તસલમાત જમાખર્ચનું પ્રમાણ (Ratio) ફક્ત ૧૩.૭૪% જણાઈ આવેલ છે, આમ જુદા જુદા ખાતાઓ દ્વારા તસલમાત જમાખર્ચ કરાવવા અંગે દુર્લક્ષતા રાખવામાં આવેલી છે.

*(તસલમાત અંગેની વિગતો પરિશિષ્ટ-૭ માં દર્શાવેલ છે)*

## : Concurrent Post Audit વિભાગ:

પેરા-૨૨

વડોદરા મહાનગરપાલિકામાં તમામ પ્રકારના બિલનું ચૂકવણૂં ઓડિટ શાખાએથી પ્રિ-ઓડિટ થયા બાદ જ કરવાની નીતિ અમલમાં છે. હિસાબી શાખા દ્વારા **Tally Accounting System** થી આવક-ખર્ચના હિસાબોની નિભાવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન હિસાબી શાખા દ્વારા નિભાવવામાં આવેલ ૪૫ વિવિધ ફંડના **Bank Account** નું **Tally Bank Book** સાથે **Concurrent Post Audit (CPA)** કરવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન **CPA** વિભાગ દ્વારા ૫૨ (બાવન) અઠવાડિક રીપોર્ટ શ્રી સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવેલા છે. વર્ષ દરમ્યાન **Concurrent Post Audit** ની કામગીરી દરમ્યાન જણાઇ આવેલ ઓડિટ વાંધાઓની રૂબરૂ તેમજ લેખિતમાં પૂર્તતા કરાવવામાં આવેલ છે. ઝોનલ કચેરીઓ દ્વારા બેન્ક રીકન્સીલેશન કરી, ઓડિટ ચકાસણી અર્થે રજૂ કરવામાં આવે છે. જ્યારે હિસાબી શાખાએથી **Bank Account** ની નિયમિત રીતે **Reconciliation**ની કામગીરી કરી ઓડિટ શાખાએ **Verification** માટે રજૂ કરવામાં આવેલ નથી, જે મહાનગરપાલિકાની નાણાકીય હિતની દ્રષ્ટીએ ઘણી જ ગંભીર બાબત છે. તેમજ ૧૩૩ **Non Operative** બેન્ક ખાતા બંધ કરવા માટે હિસાબી શાખાને ઓડિટ જાવક નંબર ૧૬૦૫/તા.૧૪-૨-૨૦૨૨ થી જણાવેલ છે.

ઓડિટ વર્ષ દરમ્યાન વિવિધ ફંડનું **Ledgers Scrutiny** (ખાતાઓની તપાસણી) કરવામાં આવેલ અને **Scrutiny** દરમ્યાન જણાઇ આવેલ ઓડિટ વાંધાઓ હિસાબી શાખાને પૂર્તતા કરવા નીચે મુજબના પત્રોથી જણાવેલ છે. હિસાબી શાખા દ્વારા સુધારાત્મક પગલાં લઇ તેનો જવાબ કરવામાં આવેલ નથી.

| ફંડ નું નામ | ઓડિટ જાવક નંબર/ તારીખ |
|---|---|
| ADVANCE FUND | ૯૮/૧૬-૧૦-૨૦૨૧ |
| REVENUE CAPITAL BUDGET | ૧૩૦૨/૨૦-૧૨-૨૦૨૧ |
| JNNURM GRANT FUND | ૧૩૨૮/૨૪-૧૨-૨૦૨૧ |
| DEPOSIT FUND | ૧૫૦૯/૩૧-૧-૨૦૨૨ |
| GRANT FUND | ૧૬૪૦/૧૮-૨-૨૦૨૨ |
| MAIN FUND | ૧૭૭૪/૧૫-૩-૨૦૨૨ |

*(Ledger Scrutiny અંગેના વિગતવાર વાંધાઓ પરિશિષ્ટ-૮ માં દર્શાવેલ છે)*

પેરા-૨૩

હિસાબી શાખા દ્વારા બેન્કમાં રહેલા વધારાના નાણાનું બેન્ક ફીક્સ્ડ ડીપોઝીટ (Fixed Deposit) માં સમયાંતરે મ્યુ. કમિશનરશ્રીની મંજૂરી મેળવીને રોકાણ કરવામાં આવે છે. ફંડની જરૂરીયાત મુજબ આવી Fixed Deposit વટાવવામાં આવતી હોય છે.

ગત વર્ષે જુલાઇ-૨૦૨૧ દરમ્યાન હિસાબી શાખા દ્વારા જુદી-જુદી ખાનગી બેન્કમાં રહેલી ₹ ૪૩૧ કરોડ જેટલી Fixed Deposits - Pre Mature (મુદ્દત પૂર્વે) વટાવેલ છે. આ બાબત CPA ઓડિટ દરમ્યાન ધ્યાને આવતા હિસાબી શાખાને ઓડિટ જા.નં. ૧૫૬૧/તા.૮-૨-૨૨ થી મુદ્દત પૂર્વે વટાવવામાં આવેલ Fixed Deposit ઉપર કોઇ વ્યાજ નું નુકસાન થયેલ છે કે કેમ ? તથા અચાનક આવી Fixed Deposit મુદ્દત પૂર્વે વટાવવા અંગે કઇ પરિસ્થિતી ઉભી થયેલી છે? તે જણાવવા પત્ર લખેલ છે. જેનો અદ્યાપિ જવાબ થયેલ નથી.

મુદ્દત પૂર્વે વટાવેલ Fixed Deposit પર થયેલ વ્યાજનું નુકસાન કઇ પરિસ્થિતીને કારણે થયેલ છે? તેની તલસ્પર્શી તપાસ કરવી જરૂરી છે.

## : જમા તપાસણી વિભાગ :

પેરા-૨૪

ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ અન્વયે મહાનગરપાલિકા હદની અંદર રસ્તાઓ બાંધવાની તેમજ નિભાવવાની ફરજ મહાનગરપાલિકાની રહે છે. સદર રસ્તાઓ પર વિકાસની પ્રક્રિયાના ભાગ રૂપે વડોદરા મહાનગરપાલિકામાં ટેલિફોન/ઓ.એફ.સી કેબલ/ અંડરગ્રાઉન્ડ યુટીલિટી નેટવર્ક સ્થાપવા ઇચ્છતી કંપનીઓને રસ્તાઓના ખોદકામ કરવાની જરૂરીયાત રહે છે. જે અંગે થયેલ ખોદકામ બાદ રસ્તાઓ મહાનગરપાલિકાએ પુન: તૈયાર કરવાના રહે છે. જે અંગેનો ખર્ચ સરભર કરવા આ કંપનીઓ પાસેથી રીસ્ટોરેશન ચાર્જ વસુલવાનો રહે તથા વાર્ષિક ભાડું લેવાનું રહે છે. સદર બાબતે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગરના તા.૩-૧૦-૨૦૧૨ના ઠરાવ નં. નપલ/૪૫૧૨-૩૪૩૮-મ અન્વયે દર નિયત કરી એકસુત્રતા જાળવવામાં આવેલ છે, જેની અમલવારી સ્થાયી સમિતિ ઠરાવ અંક: ૨૨૫/તા.૨૫-૭-૨૦૧૩ તેમજ સામાન્ય સભા ઠરાવ અંક ૫૮/તા.૧૯-૮-૨૦૧૩ થી થયેલ. જે મુજબ ઓ.એફ.સી. કેબલ નાંખવા બાબતે વનટાઇમ રીસ્ટોરેશન ચાર્જ, વાર્ષિક ભાડું અને સીક્યુરીટી ડીપોઝીટ લેવાનું ઠરાવવામાં આવેલ. વડોદરા મહાનગરપાલિકા હસ્તકની વોર્ડ કચેરીઓમાં ઓ.એફ.સી. કેબલ નાખવાની આપેલ મંજુરીની સને ૨૦૨૦-૨૧ સુધીની ફાઇલ ચકાસતાં એકંદરે નીચે મુજબની અનિયમિતતા જણાઇ આવેલ છે.

(૧) કંપની દીઠ વર્ષ પ્રમાણે નિયત નમુનામાં વસુલાત રજીસ્ટર અદ્યતન નિભાવવામાં આવેલ નથી. રજીસ્ટરમાં રીસ્ટોરેશન ચાર્જ, સીક્યોરીટી ડીપોઝીટ, એડ્વાન્સ ભાડા ભરપાઇ થયાની વિગતો ભાડાના દર, કેબલની લંબાઇ તેમજ કામગીરીના સ્થળની વિગત સ્પષ્ટ રીતે દર્શાવેલ નથી.

(૨) રજીસ્ટરમાં નોંધ્યા મુજબની તમામ કામની મંજૂરીની ફાઇલ ઓડિટ અર્થે રજૂ કરવામાં આવેલ નથી, જેથી વાર્ષિક ભાડા રજીસ્ટરમાં જે ડીમાન્ડ આકારેલ છે તેની ખાતરી થઇ શકેલ નથી.

(૩) કામની મંજૂરીની ફાઇલની ચકાસણી કરતા ભાડાના દર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ના ઠરાવ તેમજ સમગ્ર સભાએ મંજુર કરેલ પરિશિષ્ટ-૧૦ મુજબ આકારવામાં આવેલ નથી.

(૪) વસુલાતની કાર્યવાહી ઘણા લાંબા સમયથી થયેલ નથી. નિયમિત રીતે ડીમાન્ડ નોટ / TAX INVOICE ઇસ્યુ કરવામાં આવેલ નથી.

(૫) વોર્ડ કચેરીઓમાં ઇજનેરી શાખા અને રેવેન્યુ શાખા દ્વારા સંકલનનો અભાવ જણાઇ આવે છે જેના કારણે વસુલાત રજીસ્ટર અદ્યતન થયેલ જણાતા નથી.

ઓ.એફ.સી. કેબલ પેટે જુદા જુદા વોર્ડમાંથી કુલ ₹ ૯,૬૨,૨૫,૪૫૯/- ની વસુલાત દંડનીય વ્યાજ સહિત કરવાની રહે છે. તેમજ તમામ વોર્ડ કચેરીનાં ઓ.એફ.સી.કેબલ/અંડરગ્રાઉન્ડ યુટીલિટીના વાર્ષિક ભાડા વસુલાતના કિસ્સા રીવ્યુ કરી વસુલાત કરવા તેમજ વસુલાત રજીસ્ટર અદ્યતન કરવા અંગેની કાર્યવાહી કરવાપાત્ર છે.

પેરા-૨૫

વડોદરા મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તારમાં વિવિધ સેલ્યુલર સર્વિસ પ્રોવાઇડર કંપનીઓ દ્વારા મોબાઇલ ટેલીકોમ્યુનીકેશન ટાવર ઉભા કરવામા આવે છે. સદર મોબાઇલ ટેલીકોમ્યુનીકેશન ટાવર ઉપર ઇન્સ્ટોલેશન ચાર્જિસ તેમજ વાર્ષિક પરવાના ફી વસુલાત માટે ગુજરાત સરકાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૧૧-૧૨-૨૦૦૮ ઠરાવ ક્રમાંક નપલ-૪૫૦૮-૫૪૨૭-મ થી સ્પષ્ટ નિતિ ઘડવામા આવેલી જેની અમલવારી માટે વડોદરા મહાનગરપાલિકાની જમીન મિલકત (કોમર્શિયલ) શાખા દ્વારા પરિપત્ર અંક: ૨/૨૦૦૯-૧૦ તા.૨૪-૧૧-૨૦૦૯ કરવામા આવેલ, જે અંતર્ગત વિવિધ વોર્ડ કચેરીના વોર્ડ ઓફીસરે તેના વિસ્તારમાં ઉભા કરવામા આવેલ મોબાઇલ ટેલીકોમ્યુનીકેશન ટાવર ઉપર ઇન્સ્ટોલેશન ચાર્જિસ તેમજ વાર્ષિક પરવાના ફી વસુલ કરવી એવુ ઠરાવેલુ તેમજ નાયબ કાર્યપાલક ઇજનેરે તેના વિસ્તારમાં ઉભા કરવામા આવેલા મોબાઇલ ટેલીકોમ્યુનીકેશન ટાવરનુ લિસ્ટ (ઉંચાઇ સહની ખાતરી કરી) રજુ કરવુ એવુ ઠરાવેલુ છે.

Audit, VMC

ગુજરાત સરકાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગર ના તા. ૧૧-૧૨-૨૦૦૮ ઠરાવ ક્રમાંક નપલ-૪૫૦૮-૫૪૨૭-મ મુજબ વાર્ષિક પરવાના ફી તરીકે ટાવરની ઉંચાઇના પ્રતિ મીટર દીઠ ₹ ૧૦૦૦/- વસુલાત કરવી એવું જણાવેલ તેમજ દર ૨ વર્ષે ૧૦% વધારો કરીને તે મુજબ વાર્ષિક પરવાના ફી ની વસુલાત કરવી. જયારે સામાન્ય સભાએ મંજુર કરેલ પરિશિષ્ટ-૧૦ મા ટાવર દીઠ ₹ ૧૦૦૦/- વસુલાત કરવી એવું સુચવેલ છે. આમ વાર્ષિક પરવાના ફી વસુલાત સંદર્ભે સંદિગ્ધતા પ્રવર્તે છે.

વડોદરા મહાનગરપાલિકા હસ્તકની વોર્ડ-૩, ૪, ૧૨ (દક્ષિણ ઝોન) અને વોર્ડ-૧, ૨, ૯ (પુર્વ ઝોન) કચેરીમા મોબાઇલ ટેલીકોમ્યુનીકેશન ટાવર વાર્ષિક પરવાના ફી રજીસ્ટરની નિભાવણી કરવામાં આવેલ નથી, જે ખુબ જ ગંભીર બાબત છે.

વડોદરા મહાનગરપાલિકા હસ્તકની વોર્ડ-૬ અને વોર્ડ-૭ કચેરીમાં મોબાઇલ ટેલીકોમ્યુનીકેશન ટાવરની ઇન્સ્ટોલેશન ચાર્જિસ તેમજ વાર્ષિક પરવાના ફી આવકની તપાસણી કરતા એકંદરે નીચે મુજબની અનિયમિતતા જણાઇ આવેલ છે.

(૧) મોબાઇલ ટેલીકોમ્યુનીકેશન ટાવરની વાર્ષિક પરવાના ફી આવક રજીસ્ટરની નિભાવણી સમયસર કરવામાં આવી નથી.

(૨) મોબાઇલ ટેલીકોમ્યુનિકેશન ટાવર રજીસ્ટરમાં મંજુરીની તારીખ, સીકયોરીટી ડિપોઝિટ, ૩ વર્ષના એડ્વાન્સ ભાડાનો કોઇ ઉલ્લેખ નથી તેમજ ચાલુ વર્ષની ડિમાન્ડ ચઢાવેલ નથી. નિયત નમુનામાં વસુલાત રજીસ્ટર અદ્યતન કરેલ નથી.

(૩) વસુલાતની કાર્યવાહી ઘણા લાંબા સમયથી થયેલ નથી. નિયમિત રીતે ડીમાન્ડ નોટ / TAX INVOICE ઇસ્યુ કરવામાં આવેલ નથી.

(૪) ટેલીકોમ્યુનિકેશન ટાવર રજિસ્ટરની ચકાસણી સમયે મંજુરીની મુળ ફાઇલ રજુ કરેલ નથી

(૫) (ટી.ડી.ઓ) બાંધકામ પરવાનગી શાખા, ઇજનેરી શાખા અને રેવન્યુ શાખા દ્વારા સંકલન નો અભાવ જણાઈ આવે છે.

ઓડિટ ચકાસણી દરમ્યાન વોર્ડ નંબર ૬ તથા ૭ ની મળી કુલ ₹ ૧,૬૦,૬૨,૪૬૦/- ની વસુલાત કરવાપાત્ર છે.

<u>મોબાઇલ ટેલીકોમ્યુનીકેશન ટાવરના નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ સુધી બાકી રહેલ ચકાસણીની વિગત</u>

| ઝોન | વોર્ડ નંબર | રીમાર્ક્સ |
|---|---|---|
| ઉત્તર | વોર્ડ-૫ | રેકોર્ડ ચકાસણી અર્થે રજુ કરેલ નથી |
| ઉત્તર | વોર્ડ-૮ | રેકોર્ડ ચકાસણી અર્થે રજુ કરેલ નથી |
| દક્ષિણ | વોર્ડ-૩ | રેકોર્ડની નિભાવણી કરવામાં આવેલ નથી |
| દક્ષિણ | વોર્ડ-૪ | રેકોર્ડની નિભાવણી કરવામાં આવેલ નથી |
| દક્ષિણ | વોર્ડ-૧૨ | રેકોર્ડની નિભાવણી કરવામાં આવેલ નથી |
| પૂર્વ | વોર્ડ-૧ | રેકોર્ડની નિભાવણી કરવામાં આવેલ નથી |
| પૂર્વ | વોર્ડ-૨ | રેકોર્ડની નિભાવણી કરવામાં આવેલ નથી |
| પૂર્વ | વોર્ડ-૯ | રેકોર્ડની નિભાવણી કરવામાં આવેલ નથી |
| પશ્ચિમ | વોર્ડ-૧૦ | રેકોર્ડ ચકાસણી અર્થે રજુ કરેલ નથી |
| પશ્ચિમ | વોર્ડ-૧૧ | રેકોર્ડ ચકાસણી અર્થે રજુ કરેલ નથી |

ઉપરોકત વોર્ડ કચેરીઓ દ્વારા વાર્ષિક પરવાના રજીસ્ટર અદ્યતન કરી, ઓડિટ અર્થે રજૂ કરવાના રહે છે.

## : મહેકમ વિભાગ :

પેરા-૨૬

ઓડિટ શાખામાં મંજૂર થયેલ કુલ-૧૧૫ જગ્યા પૈકી ૬૭ જગ્યા ખાલી છે. જેના કારણે ઓડિટ શાખા દ્વારા કરવામાં આવતી મહાનગરપાલિકાના આવક તેમજ ખર્ચ અંગેના વ્યવહારોની તપાસણીની કામગીરી ઉપર વિપરીત અસર પડેલ છે. સ્ટોર ઓડિટ વિભાગ દ્વારા માલસામાનની પ્રત્યક્ષ તપાસણી (Physical Verification) તેમજ માલસામાનના હિસાબોની તપાસણી (Internal Book Verification) થઇ શકેલ નથી. મહાનગરપાલિકાના વહીવટી વોર્ડ તેમજ જુદા જુદા ખાતાઓની વિવિધ આવકોના હિસાબોની તપાસણી કરવા માટે હાલમાં નહીવત સ્ટાફ ઉપલબ્ધ છે. જે મહાનગરપાલિકાની આર્થિક તેમજ વહીવટી દ્રષ્ટિએ ઘણી જ ગંભીર બાબત કહી શકાય. અહેવાલના વર્ષ દરમ્યાન ખાલી જગ્યાઓ અંગેની માહિતી તેમજ સ્ટાફની માંગણી અંગે સામાન્ય વહીવટ વિભાગને લેખિત જાણ કરવામાં આવેલ છે. સદરહુ હકીકત જોતાં ઓડિટ શાખાની ખાલી જગ્યાઓ તાત્કાલીક ભરાય તે અત્યંત જરૂરી છે.

*(ઓડિટ પત્રાંક નં : ૧૬૭/તા.૧૦-૫-૨૨)*

**ઓડિટ શાખાના મહેકમની સ્થિતિ (માર્ચ-૨૦૨૨)**

| અનું. નંબર | જગ્યાનું નામ | કુલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | ચીફ ઓડિટર | ૧ | ૧ | - |
| ૨ | સીની. ઓડિટર | ૫ | ૨ | ૩ |
| ૩ | ઓડિટર | ૭ | ૪ | ૩ |
| ૪ | આસી. ઓડિટર | ૭ | ૪ | ૩ |
| ૫ | જુની. ઓડિટર | ૩૪ | ૧૮ | ૧૬ |
| ૬ | સ્ટોક વેરીફાયર | ૩ | ૨ | ૧ |
| ૭ | જુની. ક્લાર્ક | ૪૯ | ૧૩ | ૩૬ |
| ૮ | હવાલદાર | ૧ | ૧ | - |
| ૯ | જમાદાર | ૧ | - | ૧ |
| ૧૦ | સિપાઇ | ૭ | ૩ | ૪ |
| | **કુલ સંખ્યા** | **૧૧૫** | **૪૮** | **૬૭** |

Audit, VMC

## : ઉત્તર ઝોન ઓડિટ વિભાગ :

પેરા-૨૭

કાર્યપાલક ઇજનેર વોર્ડ-૫ એન્જીનીયરીંગ વિભાગમાંથી રચના બિલ્ડીંગ કોન્ટ્રાકટરનાં ફાઇનલ બિલ એ-૮૨૯/તા.૧૦-૩-૨૨ થી ₹ ૪,૯૦,૯૮૬/- તથા ફાઇનલ બિલ ઓડિટ આવક નં. એ-૮૮૨/તા.૧૦-૩-૨૨ થી ₹ ૪,૩૪,૫૨૬/- ના તપાસણી અર્થે રજૂ કરેલ. તપાસણી દરમ્યાન એમ.બી. માં દર્શાવેલ કામગીરીના સ્થળો એક સમાન હોવાથી ઓડિટ વાંધાથી ખાતામાં જરૂરી પૂર્તતા /સ્પષ્ટતા કરવા જણાવતા, વોર્ડ-૫ એન્જીનીયરીંગ વિભાગના પત્ર જા.નં.૩૩૬૩/તા.૨૩-૩-૨૨ થી સદર ફાઇનલ બિલ દફતરે કરેલ છે તેમ જણાવેલ છે. આમ, કુલ ₹ ૯,૨૫,૫૧૨/- નું મ્યુનિસિપલ કોર્પોરેશનને થતું આર્થિક નુકસાન ઓડિટ શાખાની સતર્કતા ને કારણે અટકાવી શકાયેલ છે.

*(ઓડિટ વાંધા નં : ૧૭૭/તા.૧૦-૩-૨૨)*

પેરા-૨૮

વોર્ડ નં.૫ (સેનેટરી) ના મૈયત કર્મચારી શ્રી પ્રવિણભાઇ ટીકાભાઇ સોલંકીની સર્વિસ બુક ઓડિટ આવક નં. ૬૫/તા.૨૭-૫-૨૧ થી રજૂ થયેલ. સદર કર્મચારીની સર્વિસબુકની ચકાસણી કરતાં હકક રજા દિન-૨૦ તથા સીક રજા દિન-૪૪ ની ₹ ૪૩,૨૩૪/- ની વસુલાત કરેલ છે.

*(ઓડિટ વાંધા નં : ૩૩/તા.૧૭-૬-૨૧)*

પેરા-૨૯

વોર્ડ નં.૫ (સેનેટરી) ના મૈયત કર્મચારી શ્રી રતિલાલ બી સોલંકીની સર્વિસ બુક ઓડિટ આવક નં. ૬૪/ તા.૨૭-૫-૨૧ થી રજૂ થયેલ. સર્વિસબુકની ચકાસણી કરતાં બિનપગારી રજા દિન-૪૯૫ ની ₹ ૩,૫૨,૪૪૦/- ની વસુલાત કરેલ છે.

*(ઓડિટ વાંધા નં : ૩૪/તા.૧૮-૬-૨૧)*

પેરા-૩૦

વોર્ડ નં. ૫ (સેનેટરી) ના કર્મચારી શ્રી જીતેન્દ્રભાઇ પ્રવિણભાઇ સોલંકીની સર્વિસબુક ચકાસણી અર્થે ઓડિટ આવક નં. ૩૫૫/તા.૭-૧૨-૨૧ થી રજૂ થયેલ. તેમાં દિન-૩૬ ની બિનપગારી રજા ₹ ૨૮,૫૧૨/- ની વસુલાત કરવાપાત્ર છે.

## : દક્ષિણ ઝોન ઓડિટ વિભાગ :

પેરા-૩૧

વોર્ડ નં ૪ ના કર્મચારી શ્રી મહેશભાઇ અમૃતભાઇ પટેલની સર્વિસબુક ચકાસણી અર્થે ઓડિટ આવક નં. ૧૮૯/ તા.૨૪-૮-૨૧ થી રજૂ થયેલ. ચકાસણી કરતા જણાયું કે સદર કર્મચારી તા.૧-૭-૨૦૧૫ થી તા.૧-૧૦-૨૦૧૫ સુધી દિન-૯૩ ની હક્ક રજા પર હોઇ, સામાન્ય વહીવટ વિભાગ પરિપત્ર અંક: ૯/૨૦૦૯-૧૦ આધારે પુરસ્કારની તારીખે હાજર ન હોઇ, પુરસ્કાર તફાવતની રકમ તેમજ પરિવહન ભથ્થાની એક મહિનાની રકમ મળી કૂલ ₹ ૪૩૧૯/- ચલન થી જમા કરાવેલ છે.

*(ઓડિટ વાંધા નં : ૪૮/તા.૨૨-૯-૨૧)*

## : પૂર્વ ઝોન ઓડિટ વિભાગ :

પેરા-૩૨

વોર્ડ-૨ તથા વોર્ડ-૯ ના એન્જી. વિભાગ માટે નવિન ડ્રેનેજ કલીનીંગ રોડ બનાવવાના વાર્ષિક ઇજારાના કામે કુંવરજી ભેરૂજી લુહાર ના ફાઇનલ બિલ ઓડિટ આવક નં. એ-૩૨૨/તા.૧૩-૯-૨૧ ₹ ૧,૦૮,૭૮૩/- તથા એ-૩૨૧/ તા.૧૩-૯-૨૧ ₹ ૩,૬૨,૬૧૦/- મંજૂરી માટે રજુ થયેલ. ડ્રેનેજ વરસાદી ગટર પ્રોજેકટ શાખા દ્વારા ચારેય ઝોન પેટે ₹ ૯,૭૧,૭૦૦/- ની નાણાકીય મર્યાદામાં વાર્ષિક ઇજારો કરવામાં આવેલ હતો. સદરહુ ખર્ચની જોગવાઇ થતાં રકમ વાર્ષિક ઇજારાથી વધતી હોઇ, નાણાકીય મર્યાદા પુરી થવાના કિસ્સામાં શ્રી સ્થાયી સમિતિની મંજૂરી મેળવવા બિલ ખાતામાં પરત કરેલ છે. ખાતા દ્વારા પૂર્તતા થયેલ નથી.

*(ઓડિટ વાંધા. નં : ૮૪/તા.૧૬-૯-૨૧)*

પેરા-૩૩

વોર્ડ-૨ માંથી કુંવરજી ભેરૂજી લુહારનું ફાઇનલ બિલ ઓડિટ આવક નં. એ-૫૭૯/તા.૧-૧-૨૨ ₹ ૨,૯૯,૪૯૪/- મંજૂરી માટે રજુ થયેલ. સદર કામ ની ફાઇલ તપાસતા જણાયુ કે L1 (Lowest) ઇજારદાર તરીકે મેલડી એન્જી. વર્કસનું નામ હતુ, અને તેના બદલે L2 (Second Lowest) ઇજારદાર કુંવરજી ભેરૂજી લુહારને TAS ના તબકકે મંજૂરી મેળવી, ઠરાવ કરી વર્ક ઓર્ડર આપીને કામગીરી કરાવવામાં આવી હતી. આમ, ભાવો L1 ઇજારદાર ના લીધા, જ્યારે કામ L2 ઇજારદાર ને આપેલ છે. સદર બાબત ગંભીર પ્રકારની નિષ્કાળજી હોઇ, સમગ્ર હકીકત મ્યુનિસિપલ કમિશનરશ્રી ને ધ્યાને લાવી યોગ્ય તે સ્પષ્ટતા કરવા માટે ખાતામાં બિલ પરત કરેલ છે. ખાતા દ્વારા પૂર્તતા થયેલ નથી.

*(ઓડિટ વાંધા. નં : ૧૩૪/તા.૬-૧-૨૨)*

## પરિશિષ્ટ-૧

### પ્રિ-ઓડિટ કરેલ બિલની સંખ્યાની માહિતી (વર્ષ ૨૦૨૧-૨૨)

| અનુ. નંબર | બિલનો પ્રકાર | મુખ્ય ઓડિટ | ઉત્તર ઝોન | દક્ષિણ ઝોન | પૂર્વ ઝોન | પશ્ચિમ ઝોન | સ્ટોર ઓડિટ | કુલ બિલની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | તસલમાત | ૧૫૩ | - | ૭ | - | - | ૪ | ૧૬૪ |
| ૨ | દેણેયાદી | ૭૮૦૧ | ૩૦૨ | ૨૪૫ | ૨૭૨ | ૩૫૬ | ૧૬૪૯ | ૧૦૬૨૫ |
| ૩ | લાઇટ / ટેલિફોન / મોબાઇલ | ૪૫૯૭ | ૧૯૯ | ૧૪૮ | ૧૬૪ | ૧ | ૫ | ૫૧૧૪ |
| ૪ | પેન્શન | ૮૪૨ | - | - | - | - | - | ૮૪૨ |
| ૫ | P.W.D | ૧૭૧૩ | ૫૩૧ | ૫૮૭ | ૫૧૯ | ૬૦૦ | - | ૩૯૫૦ |
| ૬ | રીફંડ | ૪૪૧૫ | ૧૮૬૬ | ૮૫૧ | ૬૫૫ | ૧૬૭૬ | ૫૧૪ | ૯૯૭૭ |
| ૭ | પગાર | ૫૪૩ | ૨૭૩ | ૧૮૮ | ૩૧૯ | ૨૮૯ | - | ૧૬૧૨ |
| ૮ | મેડીકલ | ૧૦૪૭૩ | - | - | - | - | - | ૧૦૪૭૩ |
| ૯ | અન્ય | ૨૪૬ | - | ૩ | - | - | ૨૩ | ૨૭૨ |
| **ચાલુ વર્ષ** | **કુલ બિલ** | **૩૦૭૮૩** | **૩૧૭૧** | **૨૦૨૯** | **૧૯૨૯** | **૨૯૨૨** | **૨૧૯૫** | **૪૩૦૨૯** |
| ગત વર્ષ | કુલ બિલ | ૨૮૮૧૩ | ૨૮૯૦ | ૨૩૮૮ | ૧૫૪૦ | ૩૧૮૭ | ૨૪૪૩ | ૪૧૨૬૧ |

Audit VMC

## પરિશિષ્ટ-૨

### પ્રિ-ઓડિટ દરમ્યાન બિલમાંથી કરેલ કુલ કપાતની માહિતી (વર્ષ ૨૦૨૧-૨૨)

| અનુ. નંબર | વિભાગનું નામ | પગાર બિલ | દેણેયાદી બિલ | PWD બિલ | પેન્શન બિલ / કેસ | અનામત / વેરા રીફંડ બિલ | TA / LTC બિલ | કુલ રકમ ₹ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મુખ્ય ઓડિટ | ૪૮૮૩૬૯ | ૨૯૯૯૩૯૩૩ | ૧૮૩૨૨૫૨૫ | ૧૦૦૦ | - | ૨૬૯૧૫ | ૪૮૮૩૨૭૪૨ |
| ૨ | ઉત્તર ઝોન | ૩૮૧૯૫૮ | ૧૨૯૬૧ | ૧૩૩૩૮૭૬ | - | ૫૪૮૮૧ | ૫૮૬૪૮ | ૧૮૪૨૩૨૪ |
| ૩ | દક્ષિણ ઝોન | ૩૫૨૩૯ | - | ૧૯૫૮૧ | - | - | - | ૫૪૮૨૦ |
